### કાર ડ્રાઈવરની હિલચાલ અંગેની જાણકારી આપતું ડિવાઈસ બનાવાયું

# હવેથી કાર અને ડ્રાઈવર પર અંકુશ રહેશે

**ડ્રાઈવર કંટ્રોલ ડિવાઈસની મદદથી કારમાલિક ડ્રાઈવર અને કારની માહિતી ઘરે બેઠાં મેળવી શકશે**

ગુજરાત ઓટો મોબાઈલનું હબ બનવાની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. દિવસેને દિવસે વાહનોની સંખ્યામાં પણ ખૂબ જ વધારો જોવા મળી રહ્યો છે.જેના પરિણામે અકસ્માતોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. અકસ્માતના સમયે મોટાભાગે ડ્રાઈવર કોઈ પણ પ્રકારનો નિર્ણય લેવામાં અચકાતા હોવાથી અકસ્માત સર્જાતા હોય છે. જે બાબતને ધ્યાનમાં રાખી આઈઆઈટી ગાંધીનગરના સ્ટુડન્ટસ ગ્રુપ દ્વારા અનોખી ડ્રાઈવર કંટ્રોલ ડિવાઈસ બનાવી છે. જે ડ્રાઈવરને અગાઉથી જ ઘટનાની માહિતી આપશે.

આઈઆઈટી ગાંધીનગરના સ્ટુડન્ટસ આકાશ, હર્ષ, સુરજ, સુશીલ દ્વારા 'ડ્રાઈવર કંટ્રોલ ડિવાઈસ'બનાવી છે. આ ડિવાઈસ કારમાં લગાવવામાં આવે છે ત્યાર બાદ આ ડિવાઈસ ગાડીના પાર્ટની માહિતી એકઠી કરીને ડ્રાઈવરને કેવી રીતે ગાડી ચલાવવી તેની માહિતી આપે છે.ડ્રાઈવર જો મહત્મ સ્પીડ કરતા વધારે સ્પીડ પર કાર ચલાવશે તો ડિવાઈસ ડ્રાઈવરને ગાડી કંટ્રોલ કરવાનો મેસેજ અને ઓડિયો મેસેજ આપશે.



**ડ્રાઈવર કંટ્રોલ ડિવાઈસના ફાયદા**

- ડ્રાઈવરને જીપીએસ દ્વારા ખરાબ રોડની માહિતી આપશે
- કારના કલ્ચ બ્રેક અને એક્સીલેટરની અને ફયુઅલની માહિતી આપશે
- ડ્રાઈવરને ગાડી ચલાવતી વખતે જોકુ ના આવે તેનું પણ ધ્યાન રાખશે
- ગાડી વધુ સ્પીડે ચલાવતા કંટ્રોલ કરવાનો મેસેજ અપાશે.
- ડ્રાઈવરની હાલત કાર ચલાવવા માટે અનુકૂળ નહી હોય તો ડિવાઈસ તેની જાણ માલિકને કરશે અને ડ્રાઈવર પણ જો કાર ચલાવશે તો વોર્નિંગ આપશે.



અમારા ફ્રેન્ડસ ગ્રુપ દ્વારા આ વર્ષે અમારુ સ્ટડી પુરુ થતા નોકરી કરવાની જગ્યાએ પોતાની રીતે બિઝનેસ કરવાનું વિચાર્યુ. જેમાંથી અમને આ ડ્રાઈવર કંટ્રોલ ડિવાઈસ બનાવવાનો વિચાર આવ્યો.આ ડિવાઈસનો ફાયદો ડ્રાઈવર અને કાર માલિક બંન્ને લોકોને થાય છે.જેમાં ગાડી સેફ રીતે કઈ રીતે ડ્રાઈવ કરવી તેની માહિતી આપશે.આ ડિવાઈસ બનાવતા અમને ૨વર્ષનો સમય લાગી ગયો.જેની હાલ કોસ્ટ ૬ હજાર જેટલી છે. **આકાશ સિંઘ, IIT-Gn**